



**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in

# ઘમંડીને શિક્ષા



ચીતળ જંગલનાં બધાં જાનવર સોનુ વાંદરાથી હેરાન થઈ ગયાં હતાં. સોનુની બુદ્ધિ બહુ જ તીવ્ર હતી પરંતુ તે સારાં કામોમાં બુદ્ધિનો સદુપયોગ નહોતો કરતો. એને પોતાની બુદ્ધિનું ઘણું અભિમાન હતું. સોનુ હંમેશાં બીજાને મૂર્ખ બનાવતો હતો. એમાં એને મઝા આવતી હતી.

તે પોતાનાં વખાણ કરવાનું ક્યારેય ચૂકતો નહોતો. એક વાર તો એણે જાનવરોની ભરી સભામાં ઊભા થઈને, છાતી કાઢીને, પૂંછડી હલાવીને કહ્યું હતું કે, ''આ જંગલમાં કોઈ એવો છે કે જે મને મૂર્ખ બનાવે?'' વાંદરાની આ અકડાઈ બધાં જાનવરોને ઘણી ખરાબ લાગી. રીતુ બિલાડીએ વિચાર્યું કે મેં તને મૂર્ખ ન બનાવ્યો તો મારું નામ બિલાડીમાસી નહીં. એક દિવસ સોનુ જામફળના ઝાડ પર બેઠો હતો, કાંઈક ખાઈ રહ્યો હતો. દાંતોથી થોડું થોડું કાપીને નીચે ફેંકી રહ્યો હતો. ઝાડ નીચે બેસીને બિલાડી કંઈક ચાટી રહી હતી. તે બોલી,"ઓ સોનુ! જો તો આ ચાખ તો ખરો. પછી તું તારાં ખાટાં-મીઠાં જામફળનો સ્વાદ ભૂલી જઈશ.'' સોનુ તરત ઝાડ પરથી નીચે કૂદયો અને બિલાડીની સામે બેસી ગયો. બિલાડીએ વધ્યું-ઘટ્યું થોડુંક મધ એની સામે ધરીને કહ્યું,"લે ખા.'' ''શું છે?'' સોનુ પૂછવા લાગ્યો. ''તેં ક્યારેય નથી ખાધું?'' એને મધ કહે છે. બહુ મીઠું અને લાભદાયક હોય છે.'' બિલાડી પોતાની પીળી પીળી આંખો નચાવતી બોલી. સોનુએ ચાટી-ચાટીને ખાધું અને તેને વધારે ખાવાની ઈચ્છા થઈ. તે બોલ્યો, "માસી તમે ક્યાંથી લઈ આવ્યાં? થોડુંક મને પણ અપાવો ને.'' ''ઘણે દૂરથી લાવી છું ભાઈ.'' બિલાડી પોતાની મૂછ તાણતાં બોલી.

વાંદરાએ બિલાડીની ખુશામત કરી કે તે એને પણ મધવાળી જગ્યાએ લઈ જાય. પહેલાં તો બિલાડી એ વાતને ટાળતી રહી. વાંદરાએ ઘણું કહ્યું ત્યારે તે તૈયાર થઈ ગઈ.

બિલાડીમાસી અને સોનુ વાંદરો થોડુંક ચાલ્યા પછી સીતાને ઘેર પહોંચ્યા. રાતનો ત્રીજો પહોર હતો. બધાં ગાઢ ઊંઘમાં સૂઈ રહ્યાં હતાં. બંને ચૂપચાપ અંદર પેઠાં. ''માસી મધ ક્યાં રાખ્યું છે?'' વાંદરો અધીરો બન્યો હતો. બિલાડીએ ખૂણામાં રાખેલી હાંડલી તરફ ઈશારો કર્યો. એમેય અંધારામાં વધારે દેખાતું નહોતું. વાંદરો ઉતાવળો થઈને પૂછવા લાગ્યો, "એમાં ક્યાં છે?'' બિલાડી બોલી,''અંદર ડોકિયું કરીને જો.'' વાંદરાએ લલચાઈને પોતાનું મોં જલદીથી હાંડલીની અંદર ઘાલ્યું. હાંડલીનું મોં નાનું હતું. હવે તો એણે લાખ પ્રયત્ન કર્યો પણ એનું માથું હાંડલીમાંથી બહાર નીકળતું નહોતું.

**બીજાને મૂર્ખ બનાવવામાં કોઈ બુદ્ધિમત્તા નથી. આપણે બુદ્ધિથી બીજાનું ભલું કરીએ એ જ યોગ્ય છે. બીજાને મદદ કરવી જોઈએ. પોતાની બુદ્ધિ પર અભિમાન કરવું એ પણ મૂર્ખતા છે**

એટલામાં બિલાડી ગભરાઈને બોલી- ભાગો ભાગો. કોઈ આવી રહ્યું છે. વાંદરો રડવા જેવો થઈ ગયો. બોલ્યો,"કેવી રીતે ભાગું? મને તો કાંઈ જ દેખાતું નથી.'' ''જલદીથી મારો હાથ પકડો'' એના હાથમાં હાથ આપતાં બિલાડી બોલી. બંને ઝડપભેર બહાર નીકળ્યાં. રસ્તામાં હાંડલીમાંથી રસ ટપકતો રહ્યો. સીતાના ઘેરથી થોડે દૂર જઈને વાંદરો બોલ્યો,''માસી મને ઘણી બેચેની થાય છે. મહેરબાની કરીને આ હાંડલી બહાર કાઢો.'' ''હવે તો એને તોડવી જ પડશે'' બિલાડીએ કહ્યું. પછી બોલી,''એવું કરો કે આ લીમડાના થડ સાથે જોર જોરથી પછાડો. હાંડલી આપમેળે જ ફૂટી જશે.'' વાંદરાએ એ પ્રમાણે કર્યું. હાંડલી તો ફૂટી ગઈ પણ સાથે સાથે એના માથામાં વાગ્યું. હાંડલીનો કાંઠો એના ગળામાં જ રહી ગયો. હકીકતમાં હાંડલીમાં મધ નહીં પણ બારણાં પર રંગવા માટેનું વાર્નિશ ભરેલું હતું.

**વારતા રે વારતા**

એનાથી વાંદરાનું આખું શરીર ખરડાઈ ગયું. એનાથી એને ઘણું કષ્ટ થયું. તે કહેવા લાગ્યો, "માસી આ મધથી ગમે તે રીતે મને છોડાવો, એનો સ્વાદ પણ ખરાબ છે. કોણ જાણે આ મધ કેવું છે.''

બિલાડી બોલી,''હવે તો થાકી ગયાં. થોડી વાર પછી સવાર પડશે એટલે છોડી લઈશું. ચાલ થોડી વાર સૂઈ જઈએ.'' સામે જ આકડા અને ખાખરાનું જંગલ હતું. બંને એમાં પેઠાં અને સૂઈ ગયાં. વહેલી સવારે બિલાડીની આંખ ખૂલી ગઈ. જ્યાં એની નજર વાંદરાના શરીર પર પડી કે તે હસી પડી. વાર્નિશથી ખરડાયેલા શરીર પર આકડાનું રૂ જ્યાં જ્યાં ચોટી ગયું હતું. સાચે જ સોનુ વાંદરો વિચિત્ર લાગતો હતો. ''જલદી ઊઠો, માલિક આવી રહ્યો છે.'' બિલાડીએ વાંદરાની પૂંછડી ખેંચતા કહ્યું. સોનુ ગભરાઈને બેઠો થઈ ગયો પરંતુ આ શું? એના હાથપગ અકડાઈ ગયા હતા. છતાં પણ ભયને લીધે જેમતેમ કરીને માસી સાથે ત્યાંથી દોડતો દોડતો જંગલમાં પહોંચ્યો. સોનુનું આ રૂપ જે કોઈ જોતું તે ખિલખિલાટ હસી પડતું. સોનુ સમજી ન શક્યો કે હકીકત શું છે. તે બધાંનાં મોં તરફ જોઈ રહ્યો હતો. એટલામાં જ ચુન્નુ સસલાએ અરીસો લાવીને એની સામે રાખી દીધો. પહેલાં તો ખુદ સોનુ પણ પોતાને ઓળખી શક્યો નહિ પણ બીજી જ ક્ષણે શરમને લીધે એનું મોઢું લાલ થઈ ગયું. કરકટ કૂતરો સોનુની નકલ કરતાં બોલ્યો,''આ જંગલમાં છે કોઈ એવો કે જે મને મૂર્ખ બનાવી દે?'' ટટ્ટુ રીંછ બોલ્યો,"ભાઈ! બીજાને મૂર્ખ બનાવવામાં કોઈ બુદ્ધિમત્તા નથી. આપણે બુદ્ધિથી બીજાનું ભલું કરીએ એ જ યોગ્ય છે. બીજાને મદદ કરવી જોઈએ. પોતાની બુદ્ધિ પર અભિમાન કરવું એ પણ મૂર્ખતા છે. બધાંને થોડી અથવા વધારે બુદ્ધિ મળેલી છે. વિવેક દરેક પાસે છે. ઘમંડ કરવાથી કોઈક વાર નીચું જોવું પડે છે.'' આ ઘટના પછી સોનુ વાંદરાનો ઘમંડ બિલકુલ જતો રહ્યો છે. હવે તે પોતાની બુદ્ધિથી બીજાનું ભલું કરે છે.

# દુનિયાની સૌથી મોટા પૈડાવાળી ટ્રેન, આજે પણ અહીં છે હાજર




આ દિવસોમાં અલગ-અલગ ટ્રેન ભારતીય રેલવે ચલાવી રહ્યું છે. જેમનું પોતાનું અલગ આકર્ષણ છે. વંદે ભારત, ડબલ ડેકર અથવા તેજસ ટ્રેન, આ બધાની સુંદરતા અલગ છે. તમને જણાવી દઈએ કે, આવી જ એક અનોખી ટ્રેન ભારતીય રેલ મ્યુઝિયમમાં રાખવામાં આવી છે. ભારતીય રેલ મ્યુઝિયમ ચાણક્યપુરીમાં સ્થિત છે. તેની ટિકિટ 50 રૂપિયાની છે. જે માત્ર સોમવારે બંધ રહે છે. બાકીના દિવસોમાં દર્શકો માટે આ મ્યુઝિયમ ખુલ્લું રહે છે. આ ટ્રેનને જોવા દૂર દૂરથી પ્રવાસીઓ આવે છે.

હવે ચાલો તમને આ ટ્રેનનો ઇતિહાસ જણાવીએ. તમને જણાવી દઈએ કે, આ એન્જિનનું નામ EM-922 NWR કહેવામાં આવે છે. આ ટ્રેન 90 ટન બ્રોડ ગેજ લોકોમોટિવને 1907માં નોર્થ બ્રિટિશ લોકોમોટિવ એટલાસ વર્ક્સ, ગ્લાસગોમાં બનાવવામાં આવી હતી. જે એક લોકોમોટિવ નિર્માણ સ્થળ હતું, જે 1903માં શાર્પ, સ્ટીવર્ટ એન્ડ કંપની લિમિટેડનો એક ભાગ હતું. તેને ગ્રેટ ઇન્ડિયન પેનિનસુલા રેલવે પર મુસાફરો, મેલ અને એક્સપ્રેસ ટ્રેનોના સંચાલન માટે ઉપયોગમાં લેવામાં આવતું હતું. પછી તેને નોર્થ વેસ્ટર્ન રેલવે પર ઉપયોગમાં લેવામાં આવવા લાગ્યું. આ એન્જિનને અનેક VIP ટ્રેનો ચલાવવાનો સન્માન પણ મળ્યો છે. આ એન્જિનમાં આગળના ભાગમાં સૌથી મોટા પૈડા લાગેલા છે. એટલા મોટા પૈડા દુનિયાના કોઈપણ એન્જિનમાં નથી. જો કે, આ લોકોમોટિવમાં લાગેલા એટલા મોટા પૈડાનું સંપૂર્ણ કદ આજે સુધી કોઈ શોધી શક્યું નથી, પરંતુ દુનિયાના કોઈપણ લોકોમોટિવમાં એટલા મોટા પૈડા ક્યાંય પણ હાજર નથી. આ દાવો ભારતીય રેલ મ્યુઝિયમના અધિકારીઓનો છે. ભારતીય રેલ મ્યુઝિયમના અધિકારીઓએ જણાવ્યું કે તેના અનુસાર તેનું નામ લોર્ડ ક્લાઈડ અથવા ક્વીન એક્સપ્રેસ પણ કહેવામાં આવતું હતું. તેનું નામ લોર્ડ ક્લાઈડથી બદલીને ક્વીન એક્સપ્રેસ રાખવામાં આવ્યું હતું.




## હેપ્પી બર્થડે




નામ : ધારા પવાર
માતા : અંજલી પવાર



નામ : દક્ષરાજ સોની
માતા : ડોલી સોની


## રસ્તો શોધો



## ટપકાં જોડો



## શબ્દો પૂરો



## તફાવત શોધો





## PUZZLE ZONE

ડો. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME (Q1)

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 8 | | 7 | | 6 | | 5 | = | 10 |
| 2) | 6 | | 5 | | 4 | | 3 | = | 15 |
| 3) | 9 | | 3 | | 2 | | 6 | = | 01 |

### CHANGE THE WORD (Q2)

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| C | A | P |
| | | |
| | | |
| L | I | D |

### CHHOTA SUDOKU (Q3)

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| 7 | | |
| | 9 | |
| | | |

(વર્તુળો: 22, 24, 20, 23)

### BROKEN WORDS (Q4)

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલ ચાવીની મદદથી જોડીને સ્ટેજ પરફોર્મન્સ સંબંધિત 7 શબ્દો બનાવો

| | | | | | |
|---|---|---|---|---|---|
| LL | EN | PL | ST | ET | AU |
| SE | GR | SE | BA | EST | ER |
| ING | DI | DU | AU | BE | |
| AP | OUP | CK | GU | CH | |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 1 |
| 5 અક્ષર | 2 |
| 7 અક્ષર | 1 |
| 8 અક્ષર | 2 |
| 10 અક્ષર | 1 |

જવાબ
1. DUET
2. GROUP
3. GUEST
4. BACKING
5. APPLAUSE
6. AUDIENCE
7. BEST SELLER

### જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 8 | × | 7 | - | 6 | ÷ | 5 | = | 10 |
| 2) | 6 | - | 5 | + | 4 | × | 3 | = | 15 |
| 3) | 9 | ÷ | 3 | × | 2 | ÷ | 6 | = | 01 |

Q2

| | | |
|---|---|---|
| C | A | P |
| L | A | P |
| L | A | D |
| L | I | D |

Q3

| | | |
|---|---|---|
| 7 | 2 | 8 |
| 4 | 9 | 5 |
| 1 | 6 | 3 |

(વર્તુળો: 22, 24, 20, 23)